ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૦ કેસ

## કલોલમાંથી સાત, ગાંધીનગર તાલુકમાંથી બે અને દહેગામમાંથી એક કેસ : ગ્રામ્ય વિસ્તારમાં મહિલા દર્દીઓની સંખ્યા વધતાં તંત્રમાં ચિંતાની લાગણી : હાલ ૬૪૦૦ થી વધુ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૦ કેસ કોરોના પોઝીટીવના મળતાં તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. જે કેસો આજે મળ્યા છે તેમાં કલોલ તાલુકામાંથી સાત કેસ, ગાંધીનગર તાલુકામાંથી ૨ કેસ અને દહેગામ તાલુકામાંથી એક કેસ મળેલ છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં મહિલા દર્દીઓ જે મળી રહ્યા છે તેનાથી તંત્રની ચિંતામાં વધારો જોવા મળી રહ્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ખુબ ઝડપથી કેસો વધતા જોવા મળી રહ્યા છે તેને લઈ પણ તંત્ર ચિંતિત જોવા મળી રહ્યુ છે.

જિલ્લાના ગાંધીનગર, કલોલ અને દહેગામ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોનો સીધો રોજીંદો વ્યવહાર અમદાવાદ સાથે રહ્યો હોવાથી પણ આ ત્રણેય તાલુકામાં કેસો વધી રહ્યાનું અનુમાન છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસો લોકલ ટ્રાન્સમિશનના હોવાનું અનુમાન હાલ તંત્ર કરી રહ્યું છે.

ગાંધીનગર તાલુકામાં આજે વધુ બે કેસ મળી આવેલ છે. પેથાપુર ગામમાંથી એક ૩૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ગાંધીનગર તાલુકાના પ્રાંતિયા ગામેથી પણ એક ૬૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આ બન્ને મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

કલોલ તાલુકામાંથી આજે વધુ સાત કેસ મળી આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે કલોલની મહેન્દ્ર મિલની ચાલીવાળા વિસ્તારમાંથી આજે વધુ બે કેસ મળ્યા છે. આ બન્ને મહિલા દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

તંત્રએ આ વિસ્તારના ૧૦૦ થી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. આ ઉપરાંત આ વિસ્તારમાં સઘન સર્વેલન્સની કામગીરી પણ હાથ ધરવામાં આવેલ છે.

આ ઉપરાંત કલોલના વૈદમ્ ફલેટમાંથી એક ૩૦ વર્ષીય યુવકનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે. આ યુવક કલોલ નજીકના ખાત્રજમાં એક ઔદ્યોગિક એકમમાં નોકરી કરે છે. આ દર્દીના પરિવારની નજીકના ૬ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા હોવા ઉપરાંત ૪૦ અન્ય વ્યક્તીઓને પણ તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

આ ઉપરાંત કલોલ અર્બન-૨ ના વિસ્તારમાંથી પણ બે મહિલાના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આ બન્ને મહિલાઓ અગાઉ પોઝીટીવ મળેલ દર્દીના પરિવારની જ હોવાનું જાણવા મળેલ છે. આ બન્ને દર્દીને ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે.

તંત્રએ આ પરિવારની આસપાસના વિસ્તારના ૨૦૦ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરી દીધા છે.

કલોલ અર્બન વિસ્તારમાં વામજ રોડ પરથી પણ એક ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ પુરૂષને પણ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે એક સામાજિક પ્રસંગને લઈ તેઓ ગયા હોવાથી સંક્રમિત થયાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત કલોલ તાલુકાના વડસર ગામેથી પણ એક વૃદ્ધનો રિપોર્ટ પોઝીટવ આવેલ છે.

૭૩ વર્ષીય આ વૃદ્ધે થોડાક સમય અગાઉ એન્જીયોપ્લાસ્ટી કરાવી હતી તેમજ વૃદ્ધના ઘરમાં જ કાપડની નાની દુકાન ચાલે છે. આ વૃદ્ધને અન્ય બિમારી પણ હોવાનું જાણવા મળેલ છે.

તેમને પણ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે મોકલી આપવામાં આવ્યા છે.

દહેગામ તાલુકાના અમરાજીના મુવાડા ખાતેથી પણ એક ૭૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. ડાયાબીટીસ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વધુ પાંચ કેસ

## આજે નોંધાયેલા પાંચ કેસમાં ૩ મહિલા દર્દી : સે. ૧૯, સે. ૩, સે. ૨૬ કિસાનનગર અને સે. ૧૬ માંથી કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ પાંચ પોઝીટીવ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૧૦૫ થવા જાય છે.

શહેરમાં આજે મળેલ કેસોમાં ૩ મહિલા દર્દીના સમાવેશ થાય છે. તંત્રએ મળેલા કેસોને પગલે જરૂરી કાર્યવાહી પણ હાથ ધરી છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૧૯ માંથી આજે એક કેસ પોઝીટીવ મળી આવેલ છે. ખાનગી પ્લોટમાં રહેતો યુવાન તેના દાદાની સારવાર માટે સિવિલ હોસ્પિટલ સોલાની મુલાકાતે જતો હોવાનું જાણવા મળેલ છે. ગઈકાલે તેના નમુના લેવામાં આવ્યા હતા અને આજે રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ યુવકના પરિવારના ૬ સભ્યોને મનપાના તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. તંત્રએ આ દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરી અને સઘન સર્વેલન્સની સૂચનાઓ જારી કરી છે.

સે. ૧૬ માં આવેલ 'ચ' ટાઈપના મકાનોમાંથી પણ આજે એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. ૫૬ વર્ષીય મહિલાનો આજે રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે આ મહિલા દર્દીનો પુત્ર અમદાવાદ કલેકટર કચેરીમાં ફરજો બજાવતો હોવાથી તે અપડાઉન કરે છે. આ મહિલા દર્દીના ઘરના ૯ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૬ માંથી પણ આજે એક દંપત્તિનો રિપોર્ટ પોઝીટવ આવ્યો છે. કિસાનનગરમાં રહેતુ આ દંપત્તિ એક સપ્તાહ પહેલાં અમદાવાદમાં એક ખાનગી તબીબને ત્યાં સારવાર માટે ગયેલ હતુ.

આ દંપત્તિએ હોમ આઈસોલેશન અંગે લેખિત બાંહેધરી તંત્રના અધિકારીઓને આપતાં તંત્રએ તેની મંજૂરી આપી છે.

આ દંપત્તિના પરિવારના અન્ય ૪ સભ્યોને પણ તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કરી દીધા છે. સે. ૨૬ માંથી આ સાથે અત્યાર સુધીમાં ૩ કેસ નોંધાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# ખરીફ વાવેતરનો ધીમી ગતિએ આરંભ

## જિલ્લામાં એક હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર સંપન્ન : પાક પેટર્નમાં બદલાવના પણ સંકેત

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં ખરીફ ઋતુના વાવેતરનો ધીમી ગતિએ આરંભ થયો છે. અત્યાર સુધીમાં જિલ્લામાં ૧ હજાર હેકટરથી વધારે વિસ્તારમાં વાવેતર સંપન્ન થઈ ચુક્યુ છે.

જિલ્લામાં ખરીફ વાવેતરમાં આ વખતે પાક પેટર્નમાં બદલાવ આવે તેવા સંકેતો પણ મળી રહ્યા છે. જો કે સારો વરસાદ થશે તેવા હવામાન વિભાગના સંકેતો પછી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

જિલ્લામાં હજુ વાવેતરની ગતિ આ સપ્તાહથી આવશે તેમ મનાઈ રહ્યુ છે. મળતી વિગતો પ્રમાણે ડાંગરના પાક માટે ધરૂ કરવાની તૈયારીઓ આરંભી દેવાઈ છે. ખેડૂતો પાસેથી મળતી માહિતી પ્રમાણે ૧૫૦ હેકટરથી વધુ વિસ્તારોમાં આ પાકના ધરૂવાડિયા માટેનું વાવેતર થઈ ચુક્યુ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં કપાસના પાકનું વાવેતર ૪૦૭ હેક્ટર વિસ્તારમાં થયુ છે. આ ઉપરાંત શાકભાજીના પાકોનું

● અનુસંધાન પાન-૭ પર



નગરના વાતાવરણમાં પુનઃ પલ્ટો આવ્યો છે. અરબી સમુદ્રમાં સર્જાયેલા નિસર્ગ વાવાઝોડાના પરિણામે વાતાવરણ પલ્ટાયુ છે. ઠંડા પવનો ફૂંકાતા ગરમીમાં ઘટાડો થયો છે. વળી વારંવાર આકાશમાં વાદળો છવાતા તડકો પણ ઓછો લાગતો હતો. ચોમાસાની સિઝન નજીક છે ત્યારે પ્રિ-મોન્સુન એક્ટીવીટીના ભાગરૂપે વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. જેની અસર હજુ બે-ત્રણ દિવસ જોવા મળશે.

# સોમવારે રાત્રિના વરસાદી વાયરા વચ્ચે વિજચમકારા : વાતાવરણમાં ઠંડક પ્રવર્તી

## રાત્રિના વાતવરણ પલ્ટા બાદ આજે ગરમીનો પારો ફરી ઉંચકાયો : વાદળિયા વાતાવરણ વચ્ચે પણ અસહ્ય બફરો અનુભવતા નગરજનો ગરમીથી બેહાલ

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં ગઈકાલે વાતાવરણ પલ્ટાની અસર જોવા મળી હતી.રાત્રિના સમયે અચાનક જ આકાશમાં વરસાદી વાદળો ઘેરાઇ આવ્યા હતા. જયારે વિજચમકારા વચ્ચે ગમે વરસાદી વાયરો ફુંકાયો હતો. વાતાવરણ પલ્ટાથી ઠંડક પ્રસરી હતી. જયારે આજે દિવસ દરમિયાન ગરમીનો પારો ૦.૭ ડીગ્રી ઉંચકાતા નગરજનોએ વાદળિયા વાતાવરણ વચ્ચે પણ અસહ્ય ગરમી અને ઉકળાટ અનુભવ્યો હતો.

અરબી સમુદ્રમાં લો પ્રેશર થતા દક્ષિણ ગુજરાતમાં વાવાઝોડુ આવવાની સંભાવના હવે ટળી ગઈ હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. ત્યારે ગઈકાલે આ સ્થિતિ વચ્ચે ગુજરાતમાં વાતાવરણ પલ્ટાની અસર જોવા મળી હતી. ગઈકાલે રાત્રિના સમયે અચાનક જ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો સુસવાટા મારતા પવન સાથે વરસાદી વાયરો ફુંકાયો હતો. જો કે ગાંધીનગરમાં વરસાદ આવ્યો ન હતો. પરંતુ થોડીવાર માટે વિજળીના ચમકારા અને પવન સાથે વરસાદ ગમે ત્યારે ખાબકશે તેવી સંભાવના વચ્ચે નાગરિકોએ આકરી ગરમીમાં વાતાવરણ પલ્ટાની મજા લીધી હતી. વાતાવરણ પલ્ટાના લીધે ઠંડક પ્રસરી હતી. રાત્રિના સમયે નગરજનો અગાશીમાં પહોંચી ગયા હતા. જયારે આજે સવારથી વાતાવરણમાં ફરી ગરમીનુ મોજુ ફરી વળ્યુ હતુ. આજે દિવસ દરમિયાન વાદળિયુ વાતાવરણ પણ રહ્યુ હતુ જો કે તડકી છાયડીના માહોલ વચ્ચે ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો હતો. આજે દિવસ દરમિયાન વાદળોની અવરજવર વચ્ચે પણ ગરમી યથાવત રહી

● અનુસંધાન પાન-૭ પર

# રેલવે અન્ડરબ્રિજનુ બાકી કામ પુર્ણ થશે

## ટુંકમાં દબાણો પણ દુર કરાશે : બ્રિજનિર્માણની કામગીરી દબાણોના લીધે અપુર્ણ :દબાણો દુર થયાના અંતે આ કામ પણ હવે પુર્ણ કરાશે

ગાંધીનગર તા ૨

શહેરમાં ક થી ખ રોડ અને વાવોલ તેમજ ગાંધીનગરને સીધુ જોડાણ આપતા અન્ડર બ્રિજનુ કામ છેલ્લા ઘણાં સમયથી અધુરુ છે. દબાણના લીધે આ કામગીરી છેલ્લા એક વર્ષથી કામ અટવાયેલુ છે. ત્યારે હવ તંત્ર દબાણો પર કાર્યવાહી કરવાના મુડમાં હોવાથી ટુંકમાં આ અંગે યોગ્ય અભ્યાસ કરીને દબાણો દુર કરીને પ્રોજેકટનુ બાકી કામ પુર્ણ કરાશે. જયારે આ પુર્વે યોગ્ય ઝુંપડાવાસીઓ માટે આનુસંગિક વ્યવસ્થા પણ કરવામાં આવશે.

શહેરમાં ક અને ખ માર્ગને જોડતા રેલવે અન્ડરબ્રિજનુ કામ છેલ્લા ઘણાં સમયથી પુર્ણ થયુ નથી જયારે આ બ્રિજના નિર્માણનુ આમ મોટાભાગનુ કામ પુર્ણ છે. પરંતુ કાચા પાકા ઝુંપડાના દબાણના લીધે આગળની કામગીરી અટકી છે.બ્રિજને જોડવાના નાકે જ દબાણોની ભરમાર છે. ત્યારે આ મામલે હવે તંત્રએ સર્વે હાથ ધરીને દબાણો સામે ટુંકમાં કાર્યવાહી હાથ ધરવા માટે આયોજન કર્યુ છે. છેલ્લા કેટલાક સમયથી આ કામગીરી અટવાઈ હતી. જયારે આ અન્વયે આ વિસ્તારમાં કેટલા દબાણો છે તે અંગેની માહીતી સાથે દસ્તાવેજી ચકાસણી સહીત આગળ દબાણ દુર કરવા માટે તંત્ર ટુંકમાં હરકતમાં આવશે. શહેરમાં ઝુંપડા વસાહતને અનુલક્ષીને અગાઉ કોલવડા ખાતે અગાઉ નવા આવાસો પણ તૈયાર કરાયા છે જો કે આ આવાસો અન્વયે હજુ પણ ઘણાં ખાલી છે.જયારે આવાસો ફાળવવાની કામગીરી પણ હાથ ધરવામાં આવનાર છે. શહેરમાં ઝુંપડા વસાહતની સમસ્યા દાયકાઓ જુની છે. ત્યારે સરકાર કક્ષાએથી આ ઝુંપડા વસાહતીઓ મોટ રહેણાંકના મકાનો બાંધવા માટે પણ તબક્કાવાર આયોજન કરવામાં આવે છે. હાલ આ બ્રિજ નિર્માણની કામગીરીને અનુલક્ષી લાંબા સમયથી કામ અટવાયેલુ છે ત્યારે આગામી દિવસોમાં પ્રોજેકટ અન્વયે અવરોધરૂપ બનતા દબાણો દુર કરવા માટે પણ તંત્ર નિયમ મુજબ કાર્યવાહી હાથ ધરશે આ વિસ્તારમાં અંદાજિત ૫૦૦ જેટલા દબાણો છે. દબાણો દુર થયા બાદ બાકીની કામગીરી પણ હાથ ધરાશે.

# સેકટરોમાં એટીએમ સેન્ટર બંધ હાલતમાં

## એટીએમ સેન્ટરમાં ગંદકીનુ સામ્રાજય : શોપિંગ બજારો ધમધમી રહ્યા છે ત્યારે એ ટી એમમાંથી પૈસા મળતા નથી : એ ટી એમ સેન્ટરની સફાઇ પણ થતી નથી : એ ટી એમ બંધ રહેતા નાગરિકાને હાલાકી

ગાંધીનગર તા ૨

શહેરમાં છેલ્લા બે મહીનાના લોકડાઉનના અંતે સેકટરોમાં શોપિંગ બજારો ધમધમતા થયા છે. જેના લીધે આર્થિક વ્યવહારો પણ થઈ રહ્યા છે. પરંતુ સેકટરોમાં સ્થિત વિવિધ બેંકોના એ ટી એમ સેન્ટર બંધ અને કંગાળ હાલતમાં જોવા મળી રહ્યા છે. એ ટી એમ સેન્ટરોમાં ધુળની ચાદર પથરાઈ ગઈ છે. કચરાના ઢગ વચ્ચે બંધ એ ટી એમ પણ બેંકોના વહીવટનો ચિતાર રજુ કરી રહ્યા છે. સે-૨૧ સ્થિત બી ઓ આઈ ના એ ટી એમ સેન્ટરની પણ આવી જ હાલત છે.

શહેરમાં છેલ્લા બે મહીનાના લોકડાઉન દરમિયાન વેપાર ધંધા સદંતર બંધ હાલતમાં હતા જયારે માત્ર જરૂરી સેવાઓને બાદ કરતા અન્ય કોઈપણ દુકાનો પણ ખુલ્લી ન હતી. જયારે હવે લોકડાઉન પણ ખુલી ગયુ છે.જયારે શહેરના શોપિંગ બજારો ધમધમતા થઈ ગયા છે. આવા સંજોગોમાં હજુ પણ મોટાભાગના ઠેકાણે સફાઇનો અભાવ વર્તાય છે. જાહેર સ્થળો તેમજ સેકટરોની શેરીઓ સહીત કોમન પ્લોટમાં સફાઈ થતી નથી પરંતુ સેકટરોમાં સ્થિત બેંકના એ ટી એમમાં પણ કચરાના ઢગ ખડકાયા છે. શહેરના સેકટરોમાં હજુ ઘણાં ખરી બેંકોના એ ટી એમ બંધ છે. નાગરિકો આ એ ટી એમ સેન્ટર પરથી પૈસા ઉઠાવી શકતા નથી એ ટી એમ સેન્ટર ખુલ્લા હોય છે. પણ મશીન બંધ રહેતા નાણાંકીય વ્યવહાર થઈ શકતો નથી. આ ઉપરાંત એ ટી એમ સેન્ટરમાં પણ ધુળના ઢગલા થયા છે. એ ટી એમ સેન્ટરમાં કચરો ખડકાયેલો છે. આમછતા બેંકો દ્વારા તેના એ ટી એમની સફાઈ કે જાળવણી પણ કરવામાં આવતી નથી જયારે આમ નાગરિકોની હાલાકી દુર કરવા માટે એ ટી એમ ના માધ્યમથી પૈસા મળી




રહે તેવી વ્યવસ્થા પણ ગોઠવાતી નથી. જેના લીધે આકરી ગરમીમાં નાગરિકોએ ધક્કા ખાવાનો વારો આવ્યો છે.

સે-૨૧ સ્થિત બેંક ઓફ ઈન્ડીયાના એ ટી એમ પણ છેલ્લા ઘણાં સમયથી આવી જ દશા છે. એ ટી એમ મશીન પણ સફાઈના અભાવે ધુળ ખાય છે. જયારે એ ટી એમ સેન્ટરમાં પણ કચરાના ઢગ ખડકાયા છે. લોકડાઉનના અંતે નાગરિકોને બેંક એ ટી એમની સુવિધા મળતી નથી. શહેરમાં શોપિંગ બજારો ધમધમતા થયા બાદ હાલ આર્થિક ગતિવિધિઓ પણ તેજ બની રહી છે. આવા સંજોગોમાં એ ટી એમ સેવાના અભાવે નાગરિકોએ હાલાકી વેઠવી પડે છે. પરંતુ બેંકો આ તરફ ધ્યાન આપતી ન હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે.

# રાજયમાં જૂન માસમાં પણ વિનામૂલ્યે અનાજ વિતરણ

## આગામી દિવસોમાં તારીખ જાહેર કરાશે : એનએફએસએ હેઠળ સમાવિષ્ટ રાજ્યના ૬૮.૭૧ લાખ રેશન કાર્ડ ધારકોને વિનામૂલ્યે અનાજ વિતરણ કરાશે

ગાંધીનગર, તા. ૨

ગુજરાતમાં કોરોનાની પ્રવર્તમાન સ્થિતિમાં સતત ત્રીજીવાર રાજ્ય સરકારે વિનામૂલ્યે અનાજ વિતરણની જાહેરાત કરી છે. NFSA હેઠળ સમાવિષ્ટ થયેલા રાજ્યના ૬૮.૭૧ લાખ રેશન કાર્ડધારકોને એપ્રિલ અને મે મહિનાની જેમ જૂન મહિનામાં પણ વિનામૂલ્યે અનાજ વિતરણ કવામાં આવશે. અનાજ વિતરણની આ પ્રક્રિયા ૧૫મી જૂનથી હાથ ધરવામાં આવશે. ઘઉં, ચોખા, ખાંડ અને મીઠાનું ૧૭ હજારથી વધુ સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનો પરથી વિતરણ શરૂ થશે. અંદાજે ૩૬.૮૭ લાખ ક્વિન્ટલ અનાજ રાજ્ય સરકાર અને પ્રધાનમંત્રી ગરીબ કલ્યામ અન્ન યોજના અંતર્ગત વિનામૂલ્યે વિતરણ કરાશે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અન્વયે પણ જૂન મહિનામાં વ્યક્તિદીઠ સાડા ત્રણ કિલો ઘઉં, દોઢ કિલો ચોખા અને ૧ કિલો ચણા વિનામૂલ્યે અપાશે. આ અગાઉ રાજ્ય સરકાર દ્વારા એપ્રિલ મહિનામાં લોકડાઉનની સ્થિતિ દરમિયાન દ્ભહ્મજીછ ૬૮ લાખ પરિવારોને રૂા. ૮૦૨ કરોડની બજાર કિંમતનું ૩૬.૧૨ લાખ ક્વિન્ટલ અનાજ તથા મે મહિનામાં ૩૧.૧૮ લાખ કિવન્ટલ અનાજનુ વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com